# ગાંધીનગરમાં યોજાનાર ડિફેન્સ એક્સ્પો મોકુફ

**વિશ્વની પ્રવર્તમાન સ્થિતિને અનુલક્ષી એક્સ્પો મુલતવી : અગાઉ જાન્યુઆરીમાં કોરોનાના કહેર વચ્ચે વાઇબ્રન્ટ સમિટનુ આયોજન પણ મુલતવી રાખવામાં આવ્યુ હતુ**

ગાંધીનગર તા ૪

ગાંધીનગરમાં આગામી તા ૧૦ થી ૧૪ માર્ચ દરમિયાન ડિફેન્સ એકસ્પો યોજવામાં આવનાર હતો જો કે હાલ સમગ્ર વિશ્વમાં પ્રવર્તમાન સંજોગોને ધ્યાનમાં રાખીને ડિફેન્સ એકસપોનુ આયોજન મુલતવી રાખવામાં આવ્યુ છે. આ ઉપરાંત ગત જાન્યુઆરી મહીનામાં કોરોનાના વધતા કહેર વચ્ચે વાઈબ્રન્ટ સમિટ પણ રદ કરવામાં આવી હતી જયારે હાલ ડિફેન્સ એકસપો પણ લોજિસ્ટિકસ સમસ્યાના લીધે મુલતવી રાખવામાં આવ્યો છે. આ મામલે ટુંકમાં નવી તારીખ જાહેર કરવામાં આવશે.

સંરક્ષણ મંત્રાલય દ્વારા ગાંધીનગરમાં આગામી દિવસોમાં ડિફેન્સ એકસપો યોજવામાં આવનાર હતો જયારે આ એકસપોને અનુલક્ષી જરૂરી તૈયારીઓ પણ શરૂ કરી દેવામાં આવી હતી. પરંતુ હાલ લોજિસ્ટિકસ સમસ્યાઓને ધ્યાનમાં રાખીને આ ડિફેન્સ એકસપો મુલતવી રાખવાની જાહેરાત કરવામાં આવી છે. આ એકસપોમાં દેશની સૈન્ય શકિત પ્રણાલી રજુ કરવાની સાથે વિશ્વના અન્ય દેશો સંરક્ષણને સંબંધિત સામાન બનાવતી કંપનીઓ પણ તેમાં ભાગીદાર બનવાની હતી. ડિફેન્સ એકસપોને અનુલક્ષીને ગાંધીનગરમાં છેલ્લા કેટલાક સમયથી તડામાર તૈયારીઓ પણ ચાલી રહી હતી. ડિફેન્સ એકસપોના આયોજનને અનુલક્ષી સ્થાનિકમોમાં પણ ઉત્સુકતા પ્રવર્તી હતી. આગામી તા ૧૦ થી ૧૪

## ખેલમહાકુંભના ઉદ્‌ઘાટન પ્રસંગે પ્રધાનમંત્રી ગુજરાત આવશે

ખેલમહાકુંભના આયોજનને અનુલક્ષી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી સપ્તાહમાં ગુજરાત આવશે અમદાવાદ ખાતે સરદાર પટેલ સ્ટેડિયમ ખાતે આગામી તા ૧૨ માર્ચના રોજ ખેલ મહાકુંભનો પ્રારંભ થવાનો છે. જયારે ખેલ મહાકુંભનુ ઉદઘાટન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કરશે.



ટોળે વળેલી છોકરીઓ બહુ અવાજ કરે કે વાતો કરે તો તેમને 'એ કાબરો અવાજ બંધ કરો' એવું કહીને અચૂક ટોકવામાં આવે. શહેરી વિસ્તારમાં ખૂબજ આસાનીથી જોવા મળતી કાબરો જો ટોળે વળે કે ઝઘડે તો કાન બંધ કરી દેવા પડે તેટલો કર્કશ અવાજ કરે છે. ગાંધીનગરના વૃક્ષોમાં મોટી સંખ્યામાં કાબરો નિવાસ કરે છે. ખોરાક માટે કે અન્ય કોઈ કારણોસર લડતી-ઝઘડતી કાબરોના દશ્યો આપણને અવારનવાર જોવા મળી જાય છે.

# જિલ્લામાં બે વર્ષમાં ૭,૬૪,૯૦૮ માનવદિન રોજગારી મનરેગા દ્વારા ઉભી કરાઈ

**જમીન રિ-સર્વેમાં ૧૮૨૫ અરજીઓનો નિકાલ બાકી છે : બે વર્ષમાં બિન-ખેતીની ૩૨૧૩ અરજીઓ મંજૂર કરવામાં આવી : મહેસુલમંત્રી**



**વિધાનસભામાં ગાંધીનગર**
**- પ્રકાશ જહા**

● **ગાંધીનગર જિલ્લામાં મનરેગાની નાણાં ફાળવણી**

કોંગીના ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં મનરેગા અંતર્ગત નાણાંની ફાળવણીને લઈ પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં ગ્રામ વિકાસ મંત્રીએ જણાવ્યુ હતુ કે રાજયકક્ષાએથી કોઈપણ પ્રકારની ગ્રાન્ટ જિલ્લાવાર ફાળવવામાં આવતી નથી.

જિલ્લાવાર લાભાર્થીના ખાતામાં રકમ સીધી જ ટ્રાન્સફર બોર્ડર દ્વારા જમા થાય છે.

ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૨૦-૨૧માં ૩,૧૦,૯૪૫ માનવદિન અને વર્ષ-૨૧-૨૨ માં ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ ૪,૫૩,૯૬૩ માનવદિન એમ કુલ ૭,૬૪,૯૦૮ માનવદિન રોજગારી ઉભી કરવામાં આવી છે.

ગ્રામ વિકાસમંત્રીએ સભ્યશ્રીના પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ હતુ કે તા. ૧-૪-૨૧ થી એક માનવદિનની રોજગારીના દર રૂ. ૨૨૯ નિયત કરવામાં આવેલ છે.

● **રોટાવેટર સહાયની અરજીઓ**

ભાજપના બલરાજસિંહ ચૌહાણ અને શંભુજી ઠાકોરે ગાંધીનગર જિલ્લામાં રોટાવેટર સહાય માટે ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ મળેલ અરજીઓ અને મંજૂર કરેલ અરજીઓમાં ચૂકવાયેલ સહાય અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં કૃષિમંત્રીશ્રીએ જણાવ્યુ છે કે ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ ૨૫૩૧ અરજીઓ બે વર્ષમાં મળી છે.

મંત્રીશ્રીએ સભ્યશ્રીના ઉત્તરમાં જણાવ્યુ છે કે વર્ષ-૨૦૨૦-૨૧માં ૧૩૭૮ અરજીઓ મળી હતી. જેમાં કલોલ તાલુકામાંથી ૧૦૦, ગાંધીનગરમાંથી ૫૩૩, દહેગામમાંથી ૫૭૨ અને માણસામાંથી ૧૭૩ અરજીઓ મળી હતી. વર્ષ-૨૦૨૧-૨૨માં ૧૧૫૩ અરજીઓ મળી હતી જેમાં કલોલમાંથી ૭૮, ગાંધીનગરમાંથી ૪૭૫, દહેગામમાંથી ૪૩૬, માણસામાંથી ૧૬૪ અરજીઓ ૩૧-૧૨-૨૧ સુધીમાં મળી છે.

વર્ષ ૨૦૨૦-૨૧માં ૮૨ અરજીઓ મંજૂર કરવામાં આવી છે અને રૂ. ૩૦,૨૫,૧૩૨ની સહાય ચુકવવામાં આવી છે. જ્યારે ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ ૨૧-૨૨ના વર્ષમાં ૮૬ અરજીઓ મંજૂર કરવામાં આવી છે અને સહાય પેટે રૂ. ૩૧,૯૮,૯૩૮ની સહાય ચુકવી આપવામાં આવી છે.

● **જમીન રી-સર્વે**

કલોલના કોંગીના બળદેવજી ઠાકોરે જિલ્લામાં રી-સર્વે પ્રમોલગેસન બાદ નકશામાં રહેલ ભૂલો અને ફેરફાર બાબતે મળેલી રજુઆતો અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મહેસુલમંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૧-૧-૨૦ થી ૩૧-૧૨-૨૦ સુધીમાં ૨૨૪૫ અને ૧-૧-૨૧ થી ૩૧-૧૨-૨૧ સુધીમાં ૧૯૬૪ મળી કુલ ૪૨૦૯ અરજીઓ મળી છે.

સભ્યશ્રીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યુ છે કે જિલ્લામાં ૨૩૮૪ અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે જયારે ૧૮૨૫ અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે.

મંત્રીશ્રીએ સભ્યશ્રીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે રી-સર્વે વાંધા નિકાલની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. મોટાભાગની અરજીઓ પૈકી સર્વે નંબરોમાં તથા જુના પૈકી સર્વે નંબરોના હિસ્સાની માપણી છે. જેમાં અરજદાર દ્વારા નિયમ મુજબ સંપત્તીપત્રક રજુ ન થતાં તથા અરજદારોના પોતાના કૌટુંબિક પ્રશ્નો હોઈ અરજદારશ્રીઓ તથા લાગુ ખાતેદારો હાજર ન રહેવાના કારણે અરજીઓના નિકાલ કરવામાં મુશ્કેલીઓ ઉદ્‌ભવે છે.

મંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે કોવિડ-૧૯ અંતર્ગત કોરોના સમયગાળાના લોકડાઉન અને તે દરમ્યાન સ્ટાફને સરકારશ્રી તરફથી સોંપવામાં આવેલ ફરજમાં રોકાયેલા હોવાથી પણ કામગીરીમાં વિલંબ થયો છે.

● **જિલ્લામાં જમીન ભાડે અથવા વેચાણથી આપવા બાબત**

કોંગીના માણસાના ધારાસભ્ય સુરેશભાઈ પટેલે ગાંધીનગર જિલ્લામાં ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લામાં સરકારી, પડતર, ગૌચર અને ખરાબાની જમીન ભાડે અથવા વેચાણે આપવાના હુકમો કરાયા તેવા પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તમાં મહેસુલમંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે ગાંધીનગર જિલ્લામાં સરકારી, પડતર અને ખરાબાની જમીન ૧,૨૫,૯૫૫ ચો.મી. જમીન વેચાણે વર્ષ ૨૦૨૦માં આપવામાં આવી છે.

૨૦૨૧ના વર્ષમાં સરકારી પડતર અને ખરાબાની જમીન ૧૦૧૨ ચો.મી. ભાડે આપવામાં

● અનુસંધાન પાના ૭ પર

# શહેર અને જિલ્લામાં કોરોનાના બે-બે કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેર-જિલ્લામાં આજે કોરોનાના વધુ ૪ કેસ નોંધાયો છે. ગાંધીનગર શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં બે-બે કેસ નોંધાયા છે.

જિલ્લામાં કેસોની સંખ્યામાં ચાલી રહેલા ચડાવ-ઉતારની સ્થિતિ વચ્ચે તંત્રએ સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો કર્યો છે અને નોંધતા કેસો છુટા છવાયા હોવાનું જણાવ્યુ છે.

ગાંધીનગર શહેરમાં આજે નોંધાયેલા બન્ને દર્દીની વય ૬૦ કે તેથી વધુ છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૧ અને કુડાસણમાં એક-એક એમ બે કેસ નોંધાયા છે. શહેરમાં આજે નોંધાયેલા આ બે કેસ સાથે એકટીવ કેસની સંખ્યા ૨૫ થઈ છે. શહેરમાં આજે વધુ ૧૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તાર ગાંધીનગર તાલુકાના અડાલજ અને કલોલના રાંચરડા ગામેથી એક-એક કેસ મળી આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

આજે નોંધાયેલા બે કેસ સહિત કુલ ૨૦ દર્દીઓ એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. હોમ આઈસોલેશના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે માટે સૂચનાઓ આપવામાં આવી છે.

# રાજયમાં આગામી સપ્તાહમાં મોસમનો મિજાજ બદલાશે, ફરી માવઠુ થશે

**આગામી સપ્તાહમાં ગાંધીનગર અમદવાદમાં પણ વાદળિયુ વાતાવરણ સર્જાશે : રાજયના કેટલાક ભાગોમાં માવઠુ થશે : માર્ચના અંત સુધીમાં ગરમીનો પારો ૪૦ ડીગ્રી સુધી પહોંચી જશે**

ગાંધીનગર તા ૪

ગાંધીનગરમાં શિયાળાની વિદાય સાથે ઉનાળો ધીમે ધીમે આક્રમક બનતો જાય છે. જો કે શિયાળાની આકરી ઠંડીના દિવસોમાં પણ આ વર્ષે અનેકવાર વાતાવરણ પલ્ટાની અસર જોવા મળી હતી જયારે વાતાવરણ પલ્ટા વચ્ચે વારંવાર વરસાદ વરસતા જનજીવન પ્રભાવિત થયુ હતુ. આકરી ઠંડી વચ્ચે સુસવાટા મારતા પવન સાથે માવઠુ થતા અનેકવાર મોસમનો મિજાજ બદલાયો છે. જયારે હવે ગરમી શરૂ થઈ ગઈ છે. ત્યારે માર્ચ મહીનામાં ગરમીનો પારો ઉપર ચઢવાની સંભાવના છે. મહીનાના અંતમાં ગરમીનો પારો ૪૦ ડીગ્રી સુધી પહોંચી જશે. જયારે આગામી તા ૮ અને ૯ માર્ચ દરમિયાન રાજયના કેટલાક ભાગોમાં માવઠુ થવાની સંભાવના છે. ગાંધીનગર અમદવાદમાં પણ મોસમનો નઝારો બદલાશે વાદળિયા વાતાવરણુ જોવા મળશે.

જાણીતા હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલના જણાંવ્યા મુજબ આ શિયાળામાં રાજયના ભાગોમાં માવઠાઓ ઘણાં પડવામાં હતા. વેસ્ટર્ન ડિસ્ટબન્સના લીધે આ ઘાતક સ્થિતિ અનુભવાઈ હતી. જો કે લાનીનો વર્ષમાં માવઠાનુ પ્રમાણ વધુ રહ્યુ હતુ જાન્યુઆરી મહીનાથી દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં ૬ ઈંચ જેવો વરસાદ થવામાં હતો. હવે તા ૫ માર્ચથી પશ્ચિમી ગડબડના લીધે ફરી રાજયના હવામાનમાં પલ્ટો આવી શકે તેમ છે. તા ૫ માર્ચે રાજયના કેટલાક ભાગોમાં વાદળિયુ વાતાવરણ રહેવાની સંભાવના છે. તા ૫ થી ૧૨ અમદાવાદ ગાંધીનગરમાં પણ વાદળો આવવાની સંભાવના છે. જેમાં ખાસ કરીને તા ૮ અને ૯ માર્ચમાં મધ્યગુજરાતના ભાગોમાં વડોદરા , આણંદ વગેરે ભાગોમાં હળવા વરસાદ કે માવઠા થવાની સંભાવના રહેશે. ઉત્તર ગુજરાત કચ્છના ભાગોમાં વાદળવાયુ જયારે દક્ષિણ ગુજરાતના ભાગોમાં અહવા ડાંગ વલસાડ ,સુરત વગેરે ભાગોમાં હળવુ માવઠુ થવાની સંભાવના છે. આ ઉપરાંત દક્ષિણ સૌરાષ્ટ્રના ભાગોમાં પણ હવામાનમાં પલ્ટો જોવા મળશે. અરબ સાગર અને બંગાળના ઉપસાગરમાં હવાના હળવા દબાણ ઉભા થવાની સંભાવના છે. આ વખતે માર્ચ અને એપ્રિલ મહીનામાં પણ હવામાનમાં પલ્ટો આવશે. દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં માર્ચની શરૂઆતમાં ગાજવીજ સાથે કરા પડવાની સંભાવના છે. જે પશ્ચિમી વિક્ષેપની અસર ગુજરાતના ભાગોને પણ પ્રભાવિત કરશે. કમોસમી વરસાદની અસર પવનના લીધે આંબાનો મોર ખરી પડવાની સંભાવના રહે જયારે ઘઉં જેવા પાકો દિવેલા જેવા પાકો માવઠાની અસર થવાની સંભાવના છે. મસાલાના પાકોમાં પણ અશર થશે. એટલે આ કમોસમી વરસાદ અને રોગિષ્ટ હવામાનના લીધે જનધનને પણ હાનિ થવાની સંભાવના છે. આથી ઉભા કૃષિ પાકોમાં પાકસંરક્ષણના પગલા લેવા અનિવાર્ય છે.

# ગુલીયન બારે સિન્ડ્રોમ વિશે જિલ્લાના તબીબોને ખાસ તાલીમ અપાઈ

ગાંધીનગર, તા. ૪

ગુલીયન બારે સિન્ડ્રોમના શંકાસ્પદ ૪ કેસ નોંધાતા આજે જિલ્લાના તબીબોને આ બાબતે સતર્ક રહેવાની તાકીદ સાથે એક દિવસીય તાલિમ આપવામાં આવી છે.

જિલ્લા આઈડીએસપી દ્વારા જિલ્લાના તબીબી અધિકારીઓ, સિવિલના તબીબી અધિકારીઓ, સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલના અધિક્ષક અને તબીબો તેમજ સામુહિક આરોગ્ય કેન્દ્રોના અધિક્ષક અને તબીબોને આ તાલિમ આપવામાં આવી છે.

આજે યોજાયેલ વર્કશોપમાં આ અધિકારીઓને આઈએચઆઈપી પોર્ટલ, ''દિક્ષા'' કોવિડ-૧૯ની લડત સામે સેલ્ફ લર્નીંગની વિશેષ વાતો કરવામાં આવી હતી.

આ વર્કશોપમાં ડૉ. નિતેશ શાહ, ડૉ. હિતેશ પ્રજાપતિ, એનસીબીના નોડલ ઓફિસર એસ.એમ.ઓ. ડી.પી.ટી. ડૉ. અનિલ ચૌહાણ પણ ખાસ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યુ હતુ.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાની સ્થિતિ નિયંત્રણ હેઠળ છે. પણ કોરોના વોરિયર્સે સતર્ક રહેવુ જોઈએ તે માટે સેલ્ફ લર્નિંગ ''દિક્ષા'' વિશે વિસ્તૃત વાતો કરવામાં આવી હતી.

ઉનાળાની ગરમીમાં પણ થતા રોગો અંગે સતર્ક રહેવા માટે આ વર્કશોપમાં જણાવવામાં આવ્યુ હતુ. ગુલીયન બારે સિન્ડ્રોમના લક્ષણો અને તેની સારવાર વિશે પણ વિસ્તૃત સમજ આપવામાં આવી હતી તેમજ સતર્ક રહેવા જણાવવામાં આવ્યુ હતુ.

જિલ્લામાં કોરોનાની ત્રીજી લહેર દરમિયાન હૉસ્પિટલાઈઝેશન રેટ ઓછો રહ્યો છે. પણ સતર્ક રહેવાની જરૂર છે તેમ પણ વર્કશોપમાં તબીબોને જણાવવામાં આવ્યું હતું.

# ચ-૦ થી ઈન્દ્રોડા પાર્ક વચ્ચેના માર્ગને સિકસલેન કરાશે, સર્વિસ રોડ પણ બનશે

**આ વિસ્તારમાં ૪૦૦ મીટરના ફોરલેન માર્ગને સિકસલેન કરાશે : ૧૪૦ જેટલા વૃક્ષો પણ કપાશે : સે-૧ અને ઇન્દ્રોડા પાર્ક તરફ જવા માટે સર્વિસ રોડ મળશે**

ગાંધીનગર તા ૪

ચિલોડા સરખેજ માર્ગનુ કામ ચાલી રહ્યુ છે. જયારે આ માર્ગને અનુલક્ષી રૂટમાં આવતા વિવિધ જંકશન પર ઓવરબ્રિજ તૈયાર કરવામાં આવ્યા છે. જયારે ચ-૦ થી ઈન્દ્રોડા પાર્ક વચ્ચે ૪૦૦ મીટરનો ભાગ હજુ પણ ફોરલેન છે જેને સિકસલેન કરવા તેમજ સે-૧ અને ઈન્દ્રોડા પાર્કમાં જવા માટે નાગરિકોને સર્વિસ રોડ ઉપલબ્ધ થાય તે માટે આયોજન કરાયુ છે. આ કામગીરીને અનુલક્ષી અંદાજિત ૧૪૦ જેટલા વૃક્ષોની પણ કટોતી કરાશે.

ચિલોડા સરખેજ હાઈવેને અનુલક્ષી હાલ કામગીરી ચાલી રહી છે જયારે આ રૂટમાં વિવિધ જંકશનને અનુલક્ષી ઓવરબ્રિજ પણ તૈયાર કરવામાં આવી રહ્યા છે. સરગાસણ, ઘ-૦ ઉવારસદ અને પકવાન સહીતના વિવિધ જંકશન પર ઓવરબ્રિજ તૈયાર કરી દેવાતા ટ્રાફિકની અવરજવર પણ વધુ સરળ બની ગઈ છે. જયારે આ પ્રોજેકટને અનુલક્ષી રૂટમાં આવતા એક નાના ભાગમાં માર્ગને સિકસલેન કરવાની કામગીરી હજુ બાકી છે. ગાંધીનગરમાં ચ-૦ થી ઈન્દ્રોડા પાર્ક તરફ જતા માર્ગમાં સિકસલેનનુ કામ અમુક ભાગમાં બાકી હોવાથી આ કાર્યયોજના અન્વયે આ કામગીરી પણ પુર્ણ કરી દેવાશે સુત્રોમાંથી પ્રાપ્ત થતી માહીતી અનુસાર ચ-૦ થી જ માર્ગને જોડાયેલા આ બેલ્ટમાં ઈન્દ્રોડા પાર્ક અને સે-૧ આસપાસના વિસ્તારમાં સ્થિત છે. જયારે આ સ્થિતિ વચ્ચે આ ૪૦૦ મીટરના વિસ્તારમાં હજુ સિકસલેન નથી અલબત્ત આટલા ભાગમાં માર્ગને સિકસલેન કરવાની અનિવાર્યતા છે. જેથી ઈન્દ્રોડા પાર્ક તેમજ સે-૧ માં જવા માટે નાગરિકોને સરળતા રહે જો કે આ યોજનાને અનુલક્ષી આ ઠેકાણે સર્વિસ રોડ પણ બનાવાશે આ ઉપરાંત બાકી રહેતા આ ભાગમાં સિકસલેન માર્ગનુ કામ પણ પુર્ણ કરાશે જો કે આ કામગીરીને અનુલક્ષી અંદાજિત ૧૪૦ જેટલા વૃક્ષોની કટોતી કરવામાં આવશે. વૃક્ષોની કટોતીને અનુલક્ષી વન વિભાગ કક્ષાએથી મંજુરી આપી દેવામાં આવી છે. આ કામગીરી પુર્ણ થતા ઈન્દ્રોડા પાર્ક તેમજ સે-૧ માં મુખ્ય માર્ગ પરથી અંદર પ્રવેશવા માટે સર્વિસ રોડ પણ ઉપલબ્ધ થશે. હાલ ચિલોડા સરખેજ માર્ગના પ્રોજેકટને અનુલક્ષી તારાપુર જંકશન પાસે ઓવરબ્રિજ તૈયાર થવામાં છે. અલબત્ત મોટાભાગનુ કામ પુર્ણ થઈ ગયુ છે. માર્ચ મહીનાના અંતમાં આ બ્રિજનુ લોકાર્પણ પણ કરી દેવાશે. જયારે આ રૂટમાં અન્ય બ્રિજ તૈયાર કરવા સહીત માર્ગને આનસુંગિક કામગીરી પણ પ્રગતિ હેઠળ હોવાથી હવે આગામી દિવસોમાં એસ જી હાઈવે પર ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળશે નહીં.

**Dhirubhai Ambani**
**Institute of Informtion and Communication Technology Gnadhinagr**

DA-IICT invites applications from young graduates (preferably Engineering/Science), fluent in English, Hindi and Gujarati and having basic knowledge of computer applications and internet as Trainee Assistants in Admissions Cell. Traineeship is for 6 months from march, 2022. Please forward your CV to

**recruitments@daiict.ac.in by 10th March, 2022**

www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ**®
AN ISO 9001:2015 Certified Company
**મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ**
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White — THE WHITEST WHITE CEMENT
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com